# પાલનપુર નારી કેન્દ્રમાં યુવતીને મળવા આવેલ પ્રેમી પર પરિવારજનોનો હિંસક હૂમલો

પાલનપુર, તા. ૨૨

પાલનપુર શહેરના નારી સંરક્ષણ ગૃહમાં રહેલી યુવતિને તેનો પ્રેમી મળવા આવ્યો હતો. તેજ સમયે યુવતિના પિતા અને ભાઈ પણ મળવા આવ્યા હતા. તેણીના પિતા અને ભાઈએ પ્રેમી યુવક પર હિંસક હૂમલો કરતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે પાલનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાટણ જિલ્લાના સમી તાલુકાના લોલાડા ગામના ભેમાભાઈ રાણાભાઈ રબારીની પુત્રી જશીના લગ્ન થયેલ છે. લગ્નજીવનમાં કંકાસને લીધે પોલીસમથક સુધી મામલો પહોંચ્યો હતો. ભાભર પોલીસના કેસમાં યુવતિને પાલનપુર નારી સરંક્ષણ કેન્દ્રમાં રાખવામાં આવી હતી. પરંતુ આ યુવતિ સુરેન્દ્રનગરના ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ રબારીના પ્રેમમાં હતી. તેથી તેનો પ્રેમી પ્રેમીકાને મળવા પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્ર ખાતે આવ્યો હતો, પરંતુ જોગાનુજોગ તે જ દિવસે યુવતિના પિતા ભેમાભાઈ અને તેનો ભાઈ વિરાભાઈ ભેમાભાઈ રબારી મળવા આવ્યા હતા. તેઓને ખબર પડતા બાપ-દિકરા બંનેએ ભેગા મળીને યુવતિના પ્રેમી ઈશ્વરભાઈ રબારી પર હિંસક હૂમલો કર્યો હતો અને ગંભીર ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક પાલનપુર સિવિલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પાલનપુર પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં પિતા-પુત્રને ઝડપી પાડ્યા હતા.

# પાલનપુર નજીક બાલારામ ધારમાતા ખાતે ન્હાવા પડેલા બે યુવકો ડુબી જતા ચકચાર

પાલનપુર, તા. ૨૨

પાલનપુર નજીક આવેલા બાલારામ પાસે આવેલ ધારમાતામાં ન્હાવા પડેલા બે યુવકો ઉંડા પાણીમાં ડુબી જતાં બન્નેના મોત નિપજ્યા હતા. બન્નેની લાશને પાલનપુર સિવિલ ખાતે લવાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બન્ને યુવકોના મોતથી પંથકમાં ભારે શોકની લાગણી પ્રસરવા પામી હતી.

પાલનપુરના પટણીવાસ ખારાવાસ ખાતે રહેતા સલીમભાઈ શેખ કે જેઓ પાલનપુર નગરપાલિકામાં ડ્રાયવરની ફરજ બજાવે છે. તેમનો ૧૯ વર્ષનો પુત્ર બીલાલ સલીમભાઈ શેખ તથા ત્રણ દરવાજા નાની બજાર ખાતે રહેતા અકુમ યાકુબભાઈ સૈયદ ઉ. ૧૭ તથા ખારાવાસની દિલીપભાઈ છોટુભાઈ સિંધી ત્રણેય યુવકો બપોરના ૧૨ કલાકે બાલારામ પાસે આવેલ ધારમાતા ખાતે વરસાદનું પાણી આવેલ તેમાં ન્હાવા ગયા હતા. જેમાં દિલીપ પાણી ભરવા ગયો હતો ત્યારે અકૂમ અને બીલાલ બન્ને ઉંડા પાણીમાં ન્હાવા પડેલા. દિલીપ પરત ફરતાં બન્નેને ન જોતા બુમાબુમ કરેલ અને ખારાવાસના અલ્તાફ સિંધીને ફોન કરેલ. જોગાનુજોગ અલ્તાફ આજ વિસ્તારમાં હતો. તે મિત્રો સાથે સ્થળ પર આવેલો. પાણી ઉંડુ હતુ એટલે એક બીજાના હાથ પકડીને પાણીમાં ગયેલા અને બીલાલને બહાર કાઢેલો. જે મૃત પામ્યો હતો. જ્યારે અકૂમ અંદર હતો. અલ્તાફે ચિત્રાસણીના તન્જીલને ફોન કરીને બોલાવેલો. તે મિત્રો સાથે દોડી આવીને મહામુસીબતે અકૂમની બોડીને પણ બહાર કાઢેલ. બન્ને યુવકો ડુભી જવાથી ત્યાંજ મૃત્યુ પામ્યા હતા. આ બાબતની જાણ પરીવારજનોને કરાતાં લોકોના ટોળેટોળા સિવિલ ખાતે દોડી આવ્યા હતા. આમ ધારામાતા દર વર્ષે વરસાદની મોસમમાં ભોગ લે છે. બન્ને નાનીવયના યુવકોના મોતથી ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# તલોદની પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા પ્રવેશોત્સવ યોજાયો

તલોદ, તા. ૨૨

તલોદની મધ્યે આવેલ તાલુકા પ્રાથમિક શાળા નં. ૧ અને ૨ના સંયુક્ત ઉપક્રમે શનિવારના રોજ કન્યા કેળવણી રથયાત્રા તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાઈ ગયો.

રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલના હસ્તે યોજાયેલા શાળા પ્રવેશોત્સવ પ્રસંગે નાના ભુલકાઓએ શાળામાં શિક્ષણનો શુભારંભ કર્યો હતો. કન્યા કેળવણી રથયાત્રાનું પણ આ પ્રસંગે આયોજન થયું હતું. કુમકુમ તિલક કરી બાળકોને શાળાના શૈક્ષણિક સ્ટાફે આવકાર્યા હતા. બાળકોને તિથિભોજન પણ અપાયું હતું. આ પ્રસંગે તલોદ પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલ, ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ ગજ્જર, અધ્યક્ષ અશોકભાઈ વી. શાહ, ચીફ ઓફીસર અલ્પેશ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ બંસીલાલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શિવુભાઈ પટેલ તેમજ પૂર્વ રાજ્ય શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહી પ્રસંગોચિત સન્માન મેળવ્યું હતું. શાળા નં. ૧ ના આચાર્ય દક્ષાબેન શાહ તથા શાળા નં. ૨ ના આચાર્ય દશરથગિરી ગોસ્વામીએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતુ. અંતે ઉત્તરાખંડની આપત્તિમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ઉત્તરાખંડ ચારધામની યાત્રાએ ગયેલા યાત્રીકોમાંથી કુદરતના કહેર સામે જીંદગી જીતી પરત પોતાના ઘરે જતા યાત્રિકો માટે પાલનપુર રેલવે સ્ટેશન ખાતે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢીયાર, જયંતિભાઈ પઢીયાર, અશોકભાઈ ભુટ્ટા, હરેશભાઈ ચૌધરી, ભાવેશ વર્ધીચંદ શાહ સહિતના અનેક સેવાભાવી સેવકોએ યાત્રિકોને ફૂડપેકેટ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

# રવિવારે પૂનમની સાંજે આકાશમાં સુપરમુનનો અદ્‌ભુત નજારો

અમદાવાદ, તા. ૨૨

પૃથ્વીવાસીઓ અવારનવાર અવકાશી ઘટના નિહાળે છે. ચંદ્ર-સૂર્યગ્રહણ, ઉલ્કાવર્ષા, યુતિ, ગ્રહોની પરિભ્રમણમાંથી ઉદ્‌ભવતી ઘટનાઓ ખગોળરસિકો આનંદ લૂંટતા હોય છે. ત્યારે રવિવાર તા. ૨૩મી જૂને અવકાશમાં સુપરમુનની ઘટના ઘટવાની છે. પૂનમની સાંજે અવકાશી નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ લોકોને અપીલ કરી છે. પૃથ્વીથી ચંદ્રના અંતરમાં આ દિવસે ૨૭,૪૦૯ કિલોમીટર નજીક હોવાના કારણે ચંદ્ર વિરાટકાય જોવા મળશે. વાદળા અવરોધ ન કરે તો સુપરમુનનો અદ્‌ભુત નજારો જોવા મળશે.

પુનમને રવિવાર સાંજે ૫ કલાકને ૨૪ મિનિટે સુપરમુનની ઘટના અવકાશમાં બનવાની છે. ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું સરેરાશ અંતર ૩,૮૪,૪૦૦ કિ.મી. છે. તા. ૨૩મી ચંદ્ર પૃથ્વીથી ૩,૫૬,૯૯૧ કિ.મી. હશે જે સામાન્ય અંતર કરતાં ૨૭,૪૦૯ કિ.મી. જેટલુ નજીક છે. રવિવારે સુર્યાસ્ત બાદ કે સોમવારના સૂર્યોદય પહેલાનો એક થી બે કલાકનો સમય ચંદ્ર નિરીક્ષણ માટે શ્રેષ્ઠ ગણાય છે. સામાન્ય રીતે દર પૂનમ કરતાં ચંદ્ર મોટો વિરાટકાય જોવા મળશે. નરી આંખે જોઈ શકાશે. વિજ્ઞાનના ઉપકરણથી ચંદ્ર અતિ સોહામણો જોવા મળશે.

આકાશમાં સુપરમુનની ઘટનાને પૃથ્વી ઉપર શુભ-અશુભ, કુદરતી-અકુદરતી ઘટના સાથે કશી જ લેવા દેવા નથી. વરસાદના કારણે ભરતી સમયે જે તે વિસ્તારમાં તકેદારી રાખવી માનવીના હિતમાં છે. ગુજરાતમાં સૂર્યાસ્ત અને ચંદ્ર ઉદયમાં સામાન્ય તફાવતથી લોકો સમયાંતરે સુપરમુનની ઘટના નિહાળી શકશે. સાંજે સવા સાતથી મુંબઈથી ભુજ, પોરબંદર, દ્વારકા, સોમનાથ, દિવ વિસ્તારમાં પ્રદેશ આખામાં સુપરમુનની ઘટના જોવા મળશે. વાદળા વેરી ન બને તો આહલાદક જોવા મળશે.

## દામાવાસ હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ ઉજવાયો

લક્ષ્મીપુરા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસમાં આવેલ શ્રી એન.પી. ધોળુ જ્ઞાનતીર્થ વિદ્યાલયમાં પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગનો શાળાકીય પ્રવેશોત્સવ લખમશીબાપાના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. જેમાં નવિન ધો. ૧માં પ્રવેશ મેળવનાર સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને તિલક કરી પ્રસાદ આપી પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનો શાળા પરિવારે શુભેચ્છા સહ આભાર માન્યો હતો.

# પાલનપુરના રેલવે સ્ટેશન વિસ્તારમાંથી સાત જુગારી ઝડપાયા

પાલનપુર, તા. ૨૨

પાલનપુર રેલવે સ્ટેશન વિસ્તારમાં અમદાવાદ પોલીસ દ્વારા ઓચીંતી રેડ કરતા સાત આરોપીઓ ઝડપી પાડી રેલવે પોલીસને સોંપવામાં આવ્યા હતા.

અમદાવાદ પોલીસ દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારમાં જુગાર રમતા અજીજ મહંમદ સઈદ મહેમદ શેખ ઢુંરીયાવાડી, મુકેશ કેશવલાલ ઓઝા બેચરપુરા, સુરેશ મફતલાલ મોદી પથ્થર પથ્થરસડક, ઈફામ હૈદરભાઈ સિંધી, ખારાવાસ, શૈલેષ લક્ષ્મણભાઈ પઢિયાર, માન સરોવર, રણછોડ દેવાભાઈ સલાટ, માનસરોવર, ઘેમરજી રત્નાજી ઠાકોર, ૫૦ ક્વાટરનાઓ તમામ પાલનપુરવાળાઓને ૧૩૭૨૫ ની રોકડ રકમ તથા જુગારના સાહિત્ય સાથે ઘુમત ચક્કર પાસે ઝડપી પાડીને રેલવે પોલીસને સોંપવામાં આવ્યા હતા. રેલવે પોલીસ દ્વારા ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બનાસકાંઠા ટ્રાફીક પોલીસ દ્વારા જીપો પરના ગેરકાયદેસર કઠેડા દૂર કરાયા

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ દ્વારા બનાસકાંઠાના જિલ્લા ટ્રાફિક પી.આઈ. ગઢવીની દેખરેખમાં ૫૦ થી વધુ વાહનોના કઠેડા દૂર કરાયા હતા.

બનાસકાંઠા જિલ્લાભરમાં દોડતા ખાનગી વાહનો પેસેન્જર જીપો દ્વારા ગેરકાયદેસર કઠેડા લગાવીને પેસેન્જરો ભરાતા હતા અને જિલ્લામાં અકસ્માતોનો ગ્રાફ વધતા જિલ્લા પોલીસવડાની સૂચનાથી ટ્રાફીક પી.આઈ. ગઢવીએ અરોમાં સર્કલ પર ટ્રાફીક સ્ટાફ દ્વારા ગેસ કટર દ્વારા કઠેડા દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બાબતે ગઢવીએ જણાવેલ કે જિલ્લાભરમાં દોડતા ખાનગી પેસેન્જર વાહનો ઉપરથી સ્વેચ્છિક કઠેડા દૂર કરવાની સુચનાઓ આપવા છતાં કઠેડા દૂર ન કરાતા ટ્રાફીક પોલીસ દ્વારા જિલ્લાભરમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

## ઉત્તરાખંડની કુદરતી આફતને પગલે ભાજપાનો જેલભરો કાર્યક્રમ મોકુફ

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ઉત્તરાખંડની કુદરતી આફતનો ભોગ બનેલાં બાંધવોની વેદનાને ધ્યાનમાં રાખીને ભાજપાએ ૨૩ થી ૨૬ જૂન સમગ્ર રાજ્યમાં યોજાનાર કેન્દ્રની ભ્રષ્ટ સરકાર સામેના 'જેલ ભરો' કાર્યક્રમને મોકુફ રાખવાની જાહેરાત કરી છે. શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યું છે કે, ભાજપાના કાર્યકરોને પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ કુદરતી આફતનો ભોગ બનેલા બાંધવોની મદદે લાગવા અપીલ કરી છે.







(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ શહેરની ૨ તેમજ શહેરની પાસે આવેલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રાંતિજ શહેરની શાળા નં. ૨ અને શાળા નં. ૩ તેમજ શહેરની નજદીક આવેલ જેસીંગપુરા અને ચંચળબાનગરની પ્રાથમિક શાળાઓમાં પ્રાંતિજ પાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ઉપપ્રમુખ રસીલાબેન રામી, ચીફ ઓફિસર સંદિપભાઈ પટેલ, ભાજપ શહેર મંત્રી સતીષભાઈ પંડ્યા, અરવિંદભાઈ પરમાર, પાલિકાના અન્ય કોર્પોરેટર, બીઆરસી ભાવનાબેન, તાલુકા કેળવણી નિરિક્ષક વાઘેલા સાહેબ વગેરેએ નાના બાળકોને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. જ્યારે શાળાના આચાર્યશ્રીએ શિષ્યવૃત્તિના ચેક અર્પણ કર્યા હતા. અને શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહ્યા હતા.

# રાજ્યમાં સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર કાર્યક્રમો યોજાશે : સોમવારે યુવાનોને નિમણુંક પત્રો અપાશે

ગાંધીનગર, તા. ૨૨

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પૂર્ણ થતાં સોમવારથી રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં યુવા રોજગાર સંમેલનોનો પ્રારંભ કરવામાં આવનાર છે.

રાજ્યમાં બે તબક્કામાં યોજવામાં આવેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પૂર્ણ થતાં હવે ખાનગી ક્ષેત્રોમાં પસંદગી પામેલ યુવાનોને નિમણુંક પત્ર આપવા માટેના સંમેલનો યોજવામાં આવનાર છે. ૨૪મીને સોમવારના રોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યુવા રોજગાર સંમેલન યોજાનાર છે.

ગુજરાત રાજ્ય સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ યુવા શક્તિ વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. આ વિકાસ યાત્રામાં રાજ્યના જે યુવાનો ખાનગીક્ષેત્રે સ્વામી વિવેકાનંદ રોજગાર ભરતીમેળા અન્વયે રોજગારી માટે પસંદ થયા છે તેમને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સોમવારે યોજાનાર કાર્યક્રમાં નિમણુંક પત્રો આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદ ઔદ્યોગિક ભરતીમેળાઓની ઝુંબેશના પ્રથમ તબક્કામાં ૬૫૦૦૦ તેમજ બીજા તબક્કામાં ૪૧૦૦૦ એમ કુલ ૧.૦૬ લાખ યુવાનોને રોજગારી એપ્રેન્ટીસશીપની નિમણુંકો આપવામાં આવી હતી. હવે ત્રીજા તબક્કાની ઝુંબેશમાં ૪૩૦૦૦થી વધુ યુવાનોને રોજગારી આપવામાં આવનાર છે.

કેન્દ્ર સરકારના લેબર બ્યુરો ચંદીગઢના અહેવાલ મુજબ સમગ્ર રાષ્ટ્રના ૩.૮ ટકાના બેરોજગારીના દર સામે ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો એક ટકા છે.

રોજગાર કચેરીઓમાં મહિલાઓની નોંધણીના સંદર્ભે પ્લેસમેન્ટની ટકાવારી ગણતા ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં વર્ષ ૨૦૦૪ થી પ્રથમ ક્રમાંકે છે. શ્રમ અને રોજગારી વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહ દરમ્યાન રાજ્યના વિવિધ શહેરોમાં યુવા સંમેલનો કરીને નિમણુંક પત્રોનું વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



ઉત્તરાખંડમાં આવેલ વિનાશક આફતમાં માર્યા ગયેલ અનેક શ્રદ્ધાળુઓ અને પાલનપુરના સ્થાનિકોની આત્માની શાંતિ માટે પાલનપુરના પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક શ્રદ્ધાળુઓ અને ભાવિક ભક્તો જોડાયા હતા.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601